ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૬.૮ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૪૧ ટકા

# શહેરમાં રાષ્ટ્રીય પક્ષીનો મૃતદેહ રઝળ્યો..!!

## વિધાનસભા નજીક ચ માર્ગ પર વહેલી સવારથી મોરનો મૃતદેહ રોડ વચ્ચેના ડિવાઈડર પર પડયો હતો : એક જાગૃત નાગરિકે તંત્રને જાણ કરી હોવા છતાં મોડી સાંજ સુધી કોઈ કાર્યવાહી ન થતા પ્રકૃતિ પ્રેમીઓમાં રોષ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર પાટનગર હોવા સાથે વન્યસૃષ્ટિથી સમૃધ્ધ શહેર છે અને અહીંની વનરાજીમાં અનેક પ્રકારના પક્ષીઓ સો રાષ્ટ્રીય પક્ષી મોર પણ મોટી સંખ્યામાં વસવાટ કરી રહ્યા છે. જો કે આ રાષ્ટ્રીય પક્ષી મોરનો મૃતદેહ આજે ગાંધીનગરના સૌથી વ્યસ્ત માર્ગ 'ચ રોડ' પર આખો દિવસ રઝળતો રહેવાને કારણે શહેરના પ્રકૃતિ પ્રેમીઓની લાગણીને ઠેસ પહોંચવા પામી છે.એક તરફ ગાયને રાષ્ટ્રમાતા કે રાજય માતા જાહેર કરવાની હિલચાલ ચાલી રહી છે ત્યારે બીજી તરફ રાષ્ટ્રીય પક્ષીની આ પ્રકારની દુર્દશા ચિંતા ઉપજાવનારી છે. એક જાગૃત નાગરિક દ્વારા સવારના સમયે જ તંત્રને જાણ કરી હોવા છતાં દુર્લક્ષ સેવવામાં આવ્યું હતું.

ઈન્ડિયન પીનલ કોડ અંતર્ગત ભારતના રાષ્ટ્રીય પ્રાણી કે રાષ્ટ્રીય પક્ષીને નુકસાન પહોંચાડવું એ દંડ પાત્ર ગુન્હો બને છે. રાષ્ટ્રીય પ્રાણી કે પક્ષીના અપમૃત્યુના કિસ્સામાં તેના મૃતદેહનું પંચનામું કરી જરૂર જણાય તો પોસ્ટમોર્ટમ કરાવી પછી વિધિવત રીતે અંતિમ ક્રિયા કરવાની હોય છે. શહેરના અત્યંત વ્યસ્ત એવા ચ માર્ગ પર અખબારભવન તરફ જવાના કટ પાસેના ડિવાઈડર પર જ મોરનો મૃતદેહ આખો દિવસ નોંધારો પડી રહ્યો હતો. અહીંથી પસાર થતા વાહનચાલકોમાંથી કેટલાકને તેને જોઈ અરેરાટી પણ ઉપજતી હોવા છતાં તંત્રને જાણ કરવાની તસ્દી લેતા નહોતા. જો કે સવારના સમયે એક જાગૃત નાગરિકે વન વિભાગને ફોન કરી જાણ કરી હતી આમ છતાં આ મોરનો મૃતદેહ આખો દિવસ રોડ વચ્ચે પડી રહ્યો હતો અને મોડી સાંજ સુધી તેના માટે કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નહોતી. આ ઘટનાની જાણ શહેરના પ્રકૃતિ પ્રેમીઓને થતા તેમની લાગણીને ઠેસ પહોંચી હતી અને રાજયના પાટનગરમાં જ વિધાનસભા સંકુલથી નજીકમાં રાષ્ટ્રીય પક્ષી મોર પ્રત્યે આ પ્રકારની દુર્લક્ષતા અંગે બળાપો કાઢયો હતો.



## @ગાંધીનગર

● સ્વામિનારાયણ મંદિર સેકટર-૨૩ ખાતે અમૃતવર્ષા મહોત્સવમાં સવારે ૮.૦૦ કલાકે સભા મંડપમાં ઠાકોરજીની પધરામણી, શોભાયાત્રા અને ઉદઘાટન સમારોહ યોજાશે તથા બપોરે ૨.૩૦ કલાકે મેડીકલ કેમ્પ અને રાત્રે ૮.૦૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના શુભેચ્છક મંડળની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૦

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અંતર્ગત સગર્ભા બહેનો માટે ચાલતા 'તપોવન સંશોધન કેન્દ્ર'ને સંલગ્ન શુભેચ્છક મંડળની બેઠકનું તા. ૧૯મી ડિસેમ્બરે આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડૉ કે.એસ. લિખિયા, ડાયરેકટર જનરલ દિવ્યાંશુભાઈ દવે, રજિસ્ટ્રાર કમલામણી રાવ, અધ્યાપકો, તપોવન ટીમ તથા આઈસીડીએસના વિવિધ અધિકારીઓ, પત્રકારો, નિવૃત્ત અનુભવી શિક્ષકો, નેચરોપેથ, આયુર્વેદ નિષ્ણાત, આયુષ મેડિકલ ઓફિસર, લેખિકા, જિલ્લા મેલેરિયા અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે યુનિવર્સિટીના કુલપતિ ડૉ. લિખિયાએ તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે બાળકના સર્વાંગીણ વિકાસ માટે કાર્ય કરતી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની સ્થાપનાથી તથા વૈજ્ઞાનિકતા અને આધ્યાત્મિકતાના સમન્વય દ્વારા ભારતને વિશ્વમાં શ્રેષ્ઠ બનાવી શકીએ એ માટે આપણે સૌ પ્રયત્નશીલ બનીએ. શુભેચ્છક મંડળના સભ્યોના વ્યકિતગત પરિચય બાદ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનું કાર્યક્ષેત્ર દર્શાવતી ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ડાયરેકટર જનરલ દિવ્યાંશુભાઈ દવેએ તપોવનની સંકલ્પના તથા શુભેચ્છક મંડળની સંકલ્પના અને ભૂમિકા સમજાવતા જણાવ્યું હતું કે 'પ્રત્યેક બાળક મહત્વનું છે.', આપણે સૌ જીવનમાં સફળતાથી સાર્થકતા તરફ આગળ વધી પરિપૂર્ણતા માટે કાર્ય કરીએ. ઉત્તમ સમાજના નિર્માણ માટે સહયોગ આપવા વિનંતી કરી, જેનો સૌ સભ્યોએ હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો તેમજ યુનિ.ના કાર્યમાં તમામ સાથ-સહકાર આપવા ખાતરી આપી હતી. કાર્યક્રમના અંતમાં હિરલ પંડયાએ આભારવિધિ કરી હતી.



# 'આર્ષ' દ્વારા ''માનવતાના મર્મજ્ઞ ભગવાન શ્રીરામ'' વિષય પર ૮૨મું પ્રવચન યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ભારતીય પ્રાચીન વારસામાંથી રામાયણ અને મહાભારતને બાદ કરીએ તો શું બચે? વિશ્વભરમાં રામાયણ અને મહાભારતે પ્રેરણા આપી છે. જે અંગે થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા વગેરે અનેક દેશોમાં રામાયણ અને મહાભારતના શિલ્પો અને ચિત્રો સાક્ષી છે.

તેમાં પણ માનવીય આદર્શો સ્થાપવામાં મર્યાદા પુરુષોત્તમ શ્રી રામચંદ્રજીનાં ચરિત્રોને કારણે રામાયણ મોખરે છે. માનવને કેવી રીતે જાણવો, ઓળખવો અને તે પ્રમાણે તેની સાથે સરળતાથી વ્યવહાર કરવો તેના ભગવાન શ્રીરામ મર્મજ્ઞ છે. કુટુંબ, સમાજ, દેશ અને દુનિયાના માણસોએ કેવી રીતે વ્યવહાર કરવો તે તેમણે જીવી બતાવ્યું છે. રામાયણ ગ્રંથના એવા અનેક પ્રસંગો આપણે માનવતા શીખવવા પ્રેરણાદાયી બને છે.

આવી માનવતાને રસ્તે ચાલવાની પ્રેરણા મળે તેના માટે 'રામાયણ' શાસ્ત્રના ઊંડા અભ્યાસી અને જેમણે ઘણા રસપ્રપ્રદ અને જ્ઞાનપ્રદ પ્રવચનો આ વિષય પર આપ્યા છે એવા પૂ. અપૂર્વમુનિદાસ સ્વામી (સંતનિર્દેશક, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, રાજકોટ)ના મનનીય પ્રવચનનું આયોજન, 'આર્ષ' અક્ષરધામ ગાંધીનગર દ્વારા આર્ષ પ્રવચનમાળા અંતર્ગત તા. ૨૩-૧૨-૨૦૧૭ના શનિવારે સાંજે ૦૪:૩૦ થી ૦૭:૦૦ કલાક દરમ્યાન અક્ષરધામ હરિમંદિર ખાતે યોજાનાર છે.

આ પ્રવચનનો લાભ લેવા ગાંધીનગરના ધર્મપ્રેમી જનતાને ભાવભીનું નિમંત્રણ છે.

## વાતવાતમાં

● કોબા પાસેની નર્મદા કેનાલમાં રવિવારે સેલ્ફી લેવાના ચકકરમાં ડૂબેલા અમદાવાદના ત્રણ યુવાનો પૈકી એક વિશાલ બોડાણા નામના યુવાનનો મૃતદેહ બુધવારે એનડીઆરએફની ટીમે ખોરજ પાસે કેનાલમાંથી શોધી કાઢયો છે. નભોઈથી છેક ખોરજ સુધી વહી ગયેલા આ યુવાનનો મૃતદેહ મળ્યો પરંતુ હજુ બાકીના બે યુવાનોના મૃતદેહોની શોધખોળ ચાલુ છે.

● ગાંધીનગરની કોર્ટમાં મુદત હોવાથી નિવેદન આપવા આવેલો એક શખ્સ જયારે જુબાની આપવા ઉભો થયો ત્યારે જજને તે 'પીધેલો' હોવાની ગંધ આવી હતી. જજને શંકા જતા તુરંત ત્યાં હાજર જમાદારને ચેક કરવાનું કહેતા આ શખ્સ પીધેલો માલુમ પડયો હતો એટલે કેસની કાર્યવાહી અટકાવી તેના પર પ્રોહીબીશન એકટ હેઠળ ગુનો નોંધી તેની કાર્યવાહી હાથ ધરવામાં આવપી હતી.

● જુના સચિવાલય પાસેના મીનાબજારમાં સાંજના સુમારે બે બહુરૂપિયાઓ ગાંધીજી અને નરેન્દ્ર મોદીનો વેશ ધારણ કરી ફરતા ભારે મનોરંજન ફેલાયું હતું. ચૂંટણીના પરિણામોના તાજા માહોલમાં બહુરૂપિયાઓના વડાપ્રધાન તથા રાષ્ટ્રપિતાના વેશને જોઈ નાગરિકોમાં કુતુહલ ફેલાવા સાથે તેમની સાથે 'સેલ્ફી' પડાવવા પણ ધસારો થયો હતો.

# ચોરીના બાઈક સાથે સે-૬નો યુવાન શખ્સ ઝડપાયો

## દસ દિવસ પહેલા અડાલજની પટેલ સોસાયટી પાસેથી ચોરી થયેલા બાઈક સાથે એકની ધરપકડ


ગાંધીનગર, તા.૨૦

શહેરના સેકટર-૬ ખાતેથી ચોરના બાઈક સાથે સેકટર-૭ પોલિસની ડીસ્ટાફની ટીમે એક યુવાન શખ્સને પકડી પાડયો છે.ગઈ કાલે પકડાયેલા આ શખ્સ પાસેથી મળેલુ બાઈક દસ દિવસ પહેલા જ અડાલજ ખાતે પટેલ સોસાયટીમાંથી ચોરી થયું હોવાનું બહાર આવ્યું છે. સે-૭ પોલિસે તેની ધરપકડ કરી અડાલજ પોલિસને સોંપવા તજવીજ શરુ કરી છે.

સેકટર-૭ પી.આઈ. જે.બી. પંડિતની સુચનાથી તેમનો ડીસ્ટાફ વાહન ચોરી અટકાવવા પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન ચોકકસ બાતમી મળી હતી કે અડાલજ પાસેથી ચોરાયેલું બાઈક લઈને એક શખ્સ સે-૬ ખાતે રોહીતદાસ મંદિર પાછળ ઉભો છે. જે બાબત આધારે હેડ કોન્સ્ટેબલ પુષ્પેન્દ્રસિંહ, દેવેન્દ્રસિંહ, સુરપાલસિંહ અને કોન્સ્ટેબલ રતનસિંહ તથા જશવંતસિંહની ટીમે ૩૪ વર્ષીય આત્મારામ મોહન દેવીપુજક નામના શખ્સને સે-૬ ખાતે બગીચાની બાજુમાંથી જીજે ૨ બીસી ૮૯૯૬ નંબરના હિરો હોન્ડા પેશન પ્રો. બાઈક સાથે દબોચી લીધો હતો. આ શખ્સે પાસેથી મળેલું બાઈક અડાલજના પટેલ સોસાયટી, માણેકબા સ્કુલ સામેથી ૧૦ ડિસેમ્બરે ચોરી થયેલું હતું. આરોપીની અટકાયત કરી બાઈક રિકવર કરી સે-૭ પોલિસે અડાલજ પોલિસને સોંપવા તજવીજ કરી છે.





# સિવિલમાં પેરાસીટામોલ દવાની અછત સર્જાઈ

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર સિવિલમાં પેરાસીટામોલ દવાનો જથ્થો હાજર સ્ટોકમાં નથી. સિવિલ તંત્ર દ્વારા ડૉકટર્સને પણ જણાવી દેવામાં આવ્યું છે કે પેરાસીટામોલ દવા માપમાં લખવા તાકીદ કરી છે. દવાનો જથ્થો તા. ૨૫ સુધી ચાલે તેટલો હોવાથી તંત્ર પણ મુંઝવણમાં મુકાયું છે ત્યારે ઉચ્ચ કક્ષાએથી પેરાસીટામોલ દવા ન આવતા બહારથી ખરીદી કરવી પડે તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. ગાંધીનગર સિવિલમાં દર્દીઓનો ધસારો હોવાથી રોજની ૬ હજારથી વધુ ગોળીઓ દર્દીઓને આપવામાં આવે છે ત્યારે સિવિલના દવા વિતરણ કરતા કર્મચારીઓએ પણ જરૂરીયાત પુરતી જ દવા આપવાનું શરુ કર્યું છે.

પાટનગરની મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં આવતા હજ્જારો દર્દીઓને જરુરીયાત પ્રમાણે આરોગ્યલક્ષી સેવાઓ મળવાને બદલે સમસ્યાઓ મળી રહી છે. હોસ્પિટલનું વહીવટીતંત્ર રોજબરોજ કથળતું જાય છે. દર્દીઓની સમસ્યાઓ સિવિલ સત્તાધીશના બહેરા કાને અથડાઈ પાછી પડે છે. પાટનગરની કહેવાતી મેડીકલ કોલેજમાં એકસ-રે મશીન ડચકા ખાઈ રહ્યું છે. સોનોગ્રાફીમાં મહિનાઓનુ વેઈટીંગ લીસ્ટ છે. સીટીસ્કેન મશીન છેલ્લા બે વર્ષથી બંધ હાલતમાં છે ત્યારે સિવિલમાં દર્દીઓને પાયાની જ સુવિધા પુરી પાડવામાં આવતી નથી. ત્યાં હવે દવાઓનો સ્ટોક ખુટતા માપમાં લખવા ડોકટર્સને તાકીદ કરવામાં આવી છે. સિવિલમાં રોજના તાવના હજ્જારો દર્દીઓ આવતા હોવાથી રોજની ૬ હજાર ગોળી પેરાસીટામોલ દવા આપવામાં આવે છે ત્યારે આગામી બે થી ત્રણ દિવસ ચાલે તેટલો જ જથ્થો પેરાસીટામોલનો પડયો છે. દવા અંગે તંત્રએ અનેકવાર લેખિત જાણ કરી છે છતાં પણ ઉચ્ચ વિભાગથી દવા આવી નથી. ત્યાં પણ જથ્થો નથી તેવું કહેવામાં આવી રહ્યું છે તો બીજી તરફ પેરાસીટામોલ દવા બહારથી ખરીદી કરીને દર્દીને આપવા પણ જાણ કર દેવાઈ છે. જેના માટે તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ હતી. આગામી ટુંક સમયમાં સિવિલ તંત્ર દ્વારા પેરાસીટામોલ ખરીદી લેવામાં આવશે અને દર્દીઓને આપવામાં આવશે પરંતુ હાલના સમયે તો ૧૦ દિવસની જગ્યાએ પેરાસીટામોલ માત્ર ૩ દિવસની જ મળે છે. જેથી દર્દીઓ અને ફાર્માસીસ્ટ વચ્ચે રકઝક પણ થતી જોવા મળે છે. ત્યારે સિવિલના ડોકટર્સ, વહીવટી તંત્ર અને કર્મચારીઓ 'જાએ તો જાએ કહાં' જેવી સ્થિતિ સર્જાય છે.

# જુનિયર નેશનલ કબડ્ડી ચેમ્પિયનશીપમાં સાઈની બંને ટીમો વિજેતા

ગાંધીનગર, તા.૨૦

ઓરિસ્સાના કટક ખાતે તાજેતરમાં યોજાયેલ ૪૪મી જુનિયર નેશનલ કબડ્ડી ચેમ્પિયનશીપમાં સાઈની બૉયઝ અને ગર્લ્સ બંને ટીમ વિજેતા બની હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સાઈની આ બંને ટીમોનું કોચીંગ ગાંધીનગર ખાતેના નેતાજી સુભાષ વેસ્ટર્ન કેન્દ્ર ખાતે કોચ જયવીર શર્મા અને સંજીવ શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું. આ ભવ્ય જીતને પગલે સાઈ સંકુલ સહિત ગાંધીનગરના ખેલ રસિકોમાં આનંદની લાગણી ફેલાવા પામી હતી.

ભારતની રાષ્ટ્રીય કક્ષાની કબડ્ડી સ્પર્ધા જુનિયર નેશનલ કબડ્ડી ચેમ્પિયનશીપ ૨૦૧૭માં ગાંધીનગરના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના તાલીમ કેન્દ્ર ખાતે તૈયાર થેયલ બંને ટીમોએ ડંકો વગાડયો છે. ઓરિસ્સાના કટક ખાતે તા. ૧૨ થી ૧૫ ડિસેમ્બર દરમિયાન યોજાયેલ આ સ્પર્ધાની ફાઈનલમાં સાઈની બૉયઝ ટીમે ઉત્તરપ્રદેશની ટીમને ૩૯-૨૭ના સ્કોરથી જયારે ગર્લ્સ ટીમે હરિયાણાની ટીમને ૩૬-૨૭ના સ્કોરથી પરાજય આપી ચેમ્પિયન ટ્રોફી જીતી લીધી હતી. બૉયઝ ટીમે લીગ મેચોમાં તેલંગાણાને ૫૧-૧૮થી અને આસામની ટીમને વોકઓવરથી હરાવી પ્રિકર્વાટરમાં ચંદીગઢને ૫૮-૧૮થી પછાડી હતી. કવૉટર ફાઈનલમાં આ ટીમે પંજાબને ૫૨-૨૩થી હરાવી સેમિફાઈનલમાં મહારાષ્ટ્રને ૫૫-૨૭થી કારમો પરાજય આપી દબદબાભેર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ગર્લ્સ ટીમે લીગ મેચોમાં ગોવાની ટીમને ૬૭-૦૬ અને બિહારને ૪૮-૧૮ જેવા મોટા માર્જીનથી કચડી પ્રિ કર્વાટરમાં પંજાબને ૫૩-૧૯થી, કર્વાટર ફાઈનલમાં પશ્ચિમ બંગાળને ૨૭-૨૧ તથા સેમિફાઈનલમાં ઉત્તર પ્રદેશને ૩૪-૧૮થી પછાડયું હતું. આ ટૂર્નામેન્ટના ઉદઘાટન સમારંભમા મુખ્ય મહેમાન પદે ઓરિસ્સાના રમતગમત મંત્રી તથા સમાપન સમારંભમાં મુખ્ય મહેમાનપદે ઓરિસ્સાના રાજયપાલ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે જુનિયર સાઈની બંને ટીમને ગાંધીનગર સાઈના કબડ્ડી કોચ જયવીર શર્મા અને સંજીવ શર્માએ કોચીંગ આપ્યું હતું. ગાંધીનગર તાલીમ પામેલ બંને ટીમોએ રાષ્ટ્રીય કક્ષાએ મહત્વની ચેમ્પિયનશીપ જીતતા શહેરના ખેલ રસિકોમાં આનંદનું મોજું પ્રવર્તી રહ્યું છે.



## લોહાણા યુવા સંગઠન દ્વારા જરૂરીયાતમંદોને ગરમ કપડાંનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરની જાણીતી સામાજીક સંસ્થા લોહાણા યુવા સંગઠન દ્વારા આગામી તા. ૨૬ ડિસેમ્બરના રોજ શહેરના શ્રમિક વિસ્તારમાં વસવાટ કરતા જરૂરીયાતમંદ નાગિરકોને ગરમ વસ્ત્રોનું વિતરણ કરવામાં આવશે.

જેને પગલે ગાંધીનગરના નાગરિકો આ માટે પોતાના જુના સારી હાલતમાં હોય તેવા ગરમ વસ્ત્રો જેવા કે સ્વેટર, ટોપી, કાનપટ્ટી, શાલ, ધાબળા જલારામ મંદિર, સે-૨૯ ખાતે તા. ૨૫-૧૨-૨૦૧૭ સુધી પહોંચતા કરવા સંસ્થા દ્વારા અનુરોધ કરાયો છે. દાન સ્વરૂપે મળેલા ગરમ વસ્ત્રો સહિત સંસ્થા દ્વારા અન્ય વસ્ત્રો ઉમેરીને જરૂરીયાતમંદ નાગરિકોને વિતરણ કરવામાં આવનાર છે. સે-૨૯ જલારામ મંદિર ખાતે ગરમ વસ્ત્રો મોટી સંખ્યામાં પહોંચાડવા દરેક નાગરિકને અપીલ સંસ્થાના પ્રમુખે કરી છે.

# નવા વર્ષના કેલેન્ડર માટે સૌની ઉત્સુકતા

## ઘરે, ઓફીસે કે વ્યવસાયિક સ્થળે કેલેન્ડર જરૂરિયાત બન્યા : જાહેરાતના ઉદ્દેશથી દર વર્ષે નિયત સ્થળોએ કેલેન્ડરનું થતું વિતરણ

ગાંધીનગર, તા.૨૦

નવા વર્ષના આગમન પહેલાં કેલેન્ડર દરેકના ઘરે, ઓફિસે કે વ્યવસાયિક સ્થળે ઉપલબ્ધ બને તેવા પ્રયાસો શરુ થઈ જતા હોય છે તે મુજબ હાલ સૌ કોઈ કેલેન્ડરના વિતરણમાં પડયા છે. પ્રસંગો, કાર્યક્રમો તેમજ ઘરમાં અનેક વિવિધ નોંધો માટે કેલેન્ડર હવે અનિવાર્ય થતા જાય છે. જો કે કેટલીક કંપનીઓ, સંસ્થાઓ અને વ્યવસાયિકો પોતાની જાહેરાતના ઉદ્દેશથી દર વર્ષે કેલેન્ડરનું વિતરણ કરતા હોય છે જેથી લોકોને કેલેન્ડર હવે સરળતાથી મળતા થઈ જાય છે પરંતુ તે માટેની ઉત્સુકતા લોકોમાં દેખાઈ રહી છે.

દસ દિવસના અંતે નવું વર્ષ ૨૦૧૮ શરૂ થઈ રહ્યું છે. વાર્ષિક આવતા વાર, તહેવાર, તિથિ કે રજાઓની અગાઉથી જ જાણકારી મળી રહે તે માટે બારમાસના કેલેન્ડર હોટ ડિમાન્ડ હોય છે. હાલમાં લોકોએ કેલેન્ડર કયાંથી મળી રહેશે તે માટેની શોધખોળ શરુ કરી દીધી છે અને તે અંગેની વ્યવસ્થામાં વ્યસ્ત બન્યા છે. દર વર્ષે પોતાના વ્યવસાય અંગેની લોકોમાં જાણકારી બની રહે તેમજ ધંધા-વ્યવસાયને તેનો ફાયદો થાય તેવા ઉદ્દેશથી કેલેન્ડર વિતરણ કરતાં વ્યવસાયિકો નિઃશુલ્ક કેલેન્ડર ઘેર પહોંચાડતા પણ હોય છે. વધુમાં કેટલીક કંપનીઓ તથા સંસ્થાઓ પોતાના સભ્યોને કેલન્ડર વિતરણ કરતી હોય છે જેથી લગભગ દરેક ઘેર કેલેન્ડર હોય છે.

ગૃહિણીઓ દુધ, તેલના ડબો તેમજ ગેસ બોટલ સહિતની નોંધ કેલેન્ડરમાં લખી રાખીને બજેટ મુજબ વપરાશ થાય તેવું આયોજન કરતી હોય છે તો કાર્યક્રમો તેમજ પ્રસંગો આયોજન કરવા પણ કેલેન્ડરનો ઉપયોગ થાય છે. આમ કેલેન્ડર એ હવે લોકોની જરૂરિયાત બન્યા છે. વધુમાં કેટલાક કેલેન્ડરમાં તિથિ, ચોઘડીયા, તહેવાર વગેરે હોવાથી ધાર્મિક બાબતોમાં પણ તે ખુબ જ ઉપયોગી બને છે. શાળાએ જતા વિદ્યાર્થીઓ પણ રજા બાબતે કેલેન્ડરમાં જોઈ વાલી સમક્ષ પ્રવાસની માંગ કરતાં જોવા મળ્યા હોવાનું પણ વાલીઓ જણાવી રહ્યા છે. આવનારા ૨૦૧૮ વર્ષના કેલેન્ડર માટે હાલમાં સર્વત્ર માંગ ઉભી થઈ રહી છે. આ કેલેન્ડર પણ અનેક વિવિધતા સાથે ખૂબ જ આકર્ષક બનાવવા કેટલીક ટોચની કંપનીઓમાં સ્પર્ધા થતી હોવાના દાખલા પણ બન્યા છે. જેથી કેલેન્ડર એ હાલ ટૉક ઓફ ધ ટાઉન વિષય બન્યો છે.

## ચિરવિદાય

- સ્વ. ધનાભાઈ મંગળદાસ પટેલ, ઉ.વ. ૭૦
- સ્વ. વેચાતજી સોમાજી ઠાકોર, ઉ.વ. ૫૮
- સ્વ. દક્ષાબેન અજીતકુમાર શુકલ, ઉ.વ. ૪૫
- સ્વ. રમણભાઈ ધૂળાભાઈ પટેલ, ઉ.વ. ૭૭
- સ્વ. સોલંકી રતિલાલ વીરચંદભાઈ, ઉ.વ. ૫૮